
# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૧૦ * જૂન, ૨૦૧૦



શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* અભિમાનરૂપી વિષને ઉપશાંત કરવા માટે અરિહંતદેવનું તથા નિર્ગ્રંથ ગુરુનું સ્તવન કરવામાં આવે છે, ગુણ ગાવામાં આવે છે, પરંતુ અરેરે! તેનાથી પણ જો કોઈ માન પોષે તો તે મોટો અભાગી છે. ૧૧૬૩.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૧૪૪)*

* જે જીવ દ્રવ્યથી નિવૃત્ત છે તે વ્યવહારીઓ દ્વારા પૂજાને પ્રાપ્ત થાય છે. જે જીવ ભાવથી નિવૃત્ત છે તે મુમુક્ષુઓ દ્વારા પૂજાને પ્રાપ્ત થાય છે. ૧૧૬૪.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૫૬)*

* ધનાદિની વૃદ્ધિ અને નિર્ધનાવસ્થાનો નાશ કરનારા જીવોને લોકો ચતુર કહે છે તથા નિર્ધનાવસ્થાની વૃદ્ધિ અને ધનાદિનો નાશ થવાથી તેને મૂર્ખતામાં ગણે છે. લોકોની ઉપરોક્ત માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે કારણ એ તો પૂર્વોપાર્જિત શુભાશુભ પ્રારબ્ધોદયથી થાય છે. સર્વ જીવોને એવી હાની-વૃદ્ધિ તથારૂપ પ્રારબ્ધોદય વડે સ્વયમેવ થઈ રહી છે. એવી હાની-વૃદ્ધિમાં જીવનું કાંઈ પણ અવિશેષ કે વિશેષપણું નથી. ૧૧૬૫.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૪૮)*

* જે સર્વજ્ઞના પણ વચનમાં સંદેહ કરીને પોતાની બુદ્ધિથી તત્ત્વના વિષયમાં અન્યથા કાંઈક કલ્પના કરે છે તે અજ્ઞાની પુરુષ નિર્મળ નેત્રોવાળા પુરુષ દ્વારા જોવામાં આવેલ આકાશમાં વિહરતા પક્ષીઓની સંખ્યાની બાબતમાં વિવાદ કરનાર આંધળા સમાન આચરણ કરે છે. ૧૧૬૬.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ-૧, શ્લોક-૧૨૫)*

* યહ આત્મા સ્વયં સાક્ષાત્ ગુણરૂપી રત્નોંકા ભરા હુઆ સમુદ્ર હૈ તથા યહી આત્મા સર્વજ્ઞ હૈ, સર્વદર્શી હૈ, સબકે હિતરૂપ હૈ, સમસ્ત પદાર્થોમેં વ્યાપ્ત હૈ, પરમેષ્ઠી (પરમપદમેં સ્થિત) હૈ ઔર નિરંજન હૈ અર્થાત્ જિસકે કિસી પ્રકારકી કાલિમા નહીં હૈ. ૧૧૬૭.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૧, શ્લોક-૧)*

* હે પ્રભાકર! જો ધ્યાન કરતા હુઆ નિજ શુદ્ધાત્માકે અવલોકનમેં અત્યંત સુખ તૂ પા સકતા હૈ, વહ સુખ તીનલોકમેં ભી પરમાત્મદ્રવ્યકે સિવાય નહીં હૈ. ૧૧૬૮.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૧૧૬)*

વર્ષ-૪
અંક-૧૦

સંવત
૨૦૬૬
June
A.D. 2010




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જૈનદર્શનનો પ્રાણ

[શ્રી સમયસાર, ગાથા-૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(એપ્રિલ '૧૦થી ચાલુ)

ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુએ વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે, કારણ કે સંયોગાધીન શુભાશુભ વિકારી ભાવ ક્ષણિક અવસ્થા પૂરતો છે. તેનો પક્ષ અને તે ભેદનું લક્ષ રાખવાનું ફળ સંસાર જ છે. અભેદ સ્વભાવના લક્ષે વિકાર ભાવ ટળી શકે છે અને જે ટળી શકે છે તે અભૂતાર્થ છે.

કર્મના સંયોગથી શુભાશુભ વિકાર થાય તેને તો પોતાના માનવા નહિ પણ ગુણ-ગુણીના ભેદ ઉપર પણ લક્ષ કરવું નહિ. ત્રિકાળી ધ્રુવ એકરૂપ નિર્મળ સ્વરૂપને અભેદપણે લક્ષમાં લેવું તે શુદ્ધનય છે.

જેમ પાણી સ્વભાવે ઉષ્ણ નથી. વર્તમાન અવસ્થામાં અગ્નિના નિમિત્તે ભલે ઉષ્ણ છે પણ તે ઉષ્ણપણું પાણીનો વાસ્તવિક સ્વભાવ નથી. આમ વિશ્વાસ કરે તો પાણીને શીતળ કરવાનો પુરુષાર્થ કરી ઠંડું પાણી મળવી શકે છે. પણ અગ્નિના નિમિત્તે પાણી ઉષ્ણ થાય છે એમ ન માને, અગ્નિને ન માને તેમ જ પાણીની ઉષ્ણ અવસ્થા પર સંયોગથી થઈ છે તે ટળી શકે છે એમ ન માને તો તેને પાણીના વાસ્તવિક શીતળ સ્વભાવની ખબર નથી. જે પાણીને ઉષ્ણ જ માને છે તે તેને ઠંડું કરવાનો ઉપાય નહિ કરે, પણ પાણીનો ઠંડો સ્વભાવ ઉષ્ણ વખતે પણ ટકી રહેનાર છે એમ જાણે તો વર્તમાન અગ્નિના સંયોગે થયેલ ઉષ્ણ અવસ્થાનું લક્ષ ગૌણ કરી, આખા શીતળ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે. ઉષ્ણ અવસ્થા વર્તમાન પુરતી છે એમ જ્ઞાન કરી અને તે ઉષ્ણ અવસ્થા વખતે પણ પાણીમાં

શીતળતા ભરી છે એમ માની ઉષ્ણ પાણીને ઠારે તો શીતળ સ્વભાવ જ રહે છે. આમ, પાણીના શીતળ સ્વભાવને જાણવો તે પરમાર્થદૃષ્ટિ (નિશ્ચયદૃષ્ટિ) છે અને અગ્નિના નિમિત્તે પાણી વર્તમાન ઉષ્ણ છે એમ પરની અપેક્ષા જાણવી તે વ્યવહાર છે.

ભગવાન આત્મા વીતરાગી જ્ઞાનાનંદનો ઘન છે. તેની વર્તમાન અવસ્થા કર્મના સંયોગને આધીન પોતાથી થાય છે ત્યારે અજ્ઞાની રાગ–દ્વેષ, પુણ્ય–પાપનો કર્તા હું છું, વિકાર મારું સ્વરૂપ છે એમ માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પણ જે સ્વાશ્રયી દૃષ્ટિ વડે વર્તમાન નિમિત્તાધીન વિકારનું લક્ષ ગૌણ કરી, ત્રિકાળી એકરૂપ નિર્મળ ધ્રુવ સ્વભાવને વર્તમાન પૂર્ણ સામર્થ્યરૂપ અભેદપણે જાણે છે તે પરમાર્થદૃષ્ટિ છે. એ રીતે દ્રવ્યદૃષ્ટિથી આત્મા શુદ્ધ છે. સ્વ-આશ્રિત સ્વભાવથી તે ત્રિકાળ [વર્તમાનમાં પણ] શુદ્ધ છે અને પરાશ્રયરૂપ વ્યવહારથી વર્તમાન અવસ્થામાં અશુદ્ધ છે, એમ એક વસ્તુમાં બે પ્રકાર માનવા તે સ્યાદ્વાદ છે. જો બધું એકલું શુદ્ધ જ હોય અને વર્તમાન અવસ્થામાં પણ (સંસારી જીવોને) ભૂલ–અશુદ્ધતા ન હોય તો 'સમજણ કર, ભૂલ ટાળ, રાગ ટાળી નિર્મળ થા' એવા ઉપદેશની જરૂર જ ન રહે.

વ્યવહારનય અભૂતાર્થ છે તેનો અર્થ એમ નથી કે વર્તમાન અશુદ્ધ અવસ્થા સર્વથા ખોટી છે. જે વસ્તુ છે તેનો સર્વથા નાશ થતો નથી પણ મૂળ વસ્તુપણે ટકીને દરેક વસ્તુ પોતાની અવસ્થા બદલ્યા કરે છે. દરેક ક્ષણે અવસ્થાનું બદલવાપણું દેખી કોઈ તેને ભ્રમ–માયા કહે તો ખોટું છે. દોરડીમાં સર્પની માન્યતા તે ભ્રાંતિ છે એમ કહેનારે દોરડી જુદી, તેમાં સર્પની કલ્પના કરનારો જુદો તથા સર્પ જુદો એમ ત્રણ ચીજ જુદી છે એ સ્વીકારવું જ પડે. દરેક ચીજ જુદી જુદી છે. રાગ–દ્વેષ કરવામાં પરાશ્રયરૂપ બીજી વસ્તુની હાજરી હોય છે. એક કરતાં વધુ વસ્તુ હોય તો જ ભ્રાંતિ થાય અને ત્યારે જ બીજી વસ્તુ નિમિત્ત કહેવાય.

જેમ સોનું પોતાના કારણે અશુદ્ધ થતું નથી પણ બીજી ધાતુના સંબંધથી વર્તમાન અવસ્થામાં અશુદ્ધ થાય છે, તેમ આત્માને વિષે અનાદિકાળથી એકેક સમયના પ્રવાહરૂપે વર્તતી વર્તમાન અવસ્થામાં રાગ–દ્વેષ–અજ્ઞાનરૂપ ભ્રાંતિ થવાનું મૂળ કારણ પોતાનું અજ્ઞાન છે અને જોડે નિમિત્તરૂપ કર્મ છે તે બીજી ચીજ છે. આમ પરાશ્રયથી વિકાર થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે અજ્ઞાન છે. 'પુણ્ય–પાપ, રાગ–દ્વેષ વર્તમાનમાં છે જ નહિ, ઈન્દ્રિયોનો વિષય ઈન્દ્રિયો જ ભોગવે છે' એમ પોતાને એકાન્ત અખંડ સાક્ષી–બ્રહ્મરૂપ જ માને તોપણ અજ્ઞાની–સ્વચ્છંદી કહેવાય. ભેદ વસ્તુ જ નથી, મલિનતા આત્માની

અવસ્થામાં વ્યવહારે પણ નથી એમ નક્કી ક્યાંથી કર્યું? વર્તમાનમાં ક્રોધ, માન, માયા, લોભ, વાસના, રાગ-દ્વેષ છે તેથી તો દેખાય છે; જો તે સર્વથા ન જ હોય, રાગ-દ્વેષરૂપ આકુળતા વર્તમાન અવસ્થામાં પણ ન જ હોય, તો અતીન્દ્રિય આનંદની પ્રગટતા હોવી જોઈએ, પણ વર્તમાન અવસ્થામાં તેમ નથી. સ્વભાવમાં શક્તિરૂપે અનંત આનંદ છે પણ વર્તમાનમાં તે આનંદ પ્રગટરૂપે નથી. જો વર્તમાનમાં પૂર્ણ નિર્મળ આનંદ પ્રગટ હોય તો કાંઈ પુરુષાર્થ કરવાની, સાચી સમજણ કરવાની, રાગ-દ્વેષ ટાળવાની કે એવી કોઈ વાતનો અવકાશ રહેતો નથી.

અનંતકાળમાં કદી પણ એક સેકન્ડમાત્ર સત્ય તત્ત્વનો ખ્યાલ ઘણા જીવોએ કર્યો નથી. ડુંગરમાં વીજળીથી પડેલી ફાટ ફરીથી સંધાય નહિ તેમ જો એકવાર અનાદિનું પોતાનું અજ્ઞાન ટાળી ધ્રુવ વસ્તુનું ભાન કરે તો ગ્રંથિભેદ થાય એટલે કે રાગ-દ્વેષની પક્કડરૂપ મિથ્યાગાંઠનો નાશ થાય. રાગ-દ્વેષરૂપ વિકારનું, પરના કાર્યનું અને દેહાદિની ક્રિયાનું સ્વામિત્વ માનવું તે મિથ્યાત્વ છે. તેનો સ્વાશ્રય વડે નાશ કરી ત્રિકાળી નિર્મળ નિરપેક્ષ અખંડ સ્વભાવના લક્ષે સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કરે તો ફરી કદી પણ અજ્ઞાન થાય નહિ એટલે કે આત્મા અને રાગ-દ્વેષ એક છે એમ કદી મનાય નહિ.

વસ્તુદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા ધ્રુવપણે ટકી રહે છે, તેથી તે અપેક્ષાએ 'નિત્ય' છે અને વર્તમાન પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો ક્રમેક્રમે અવસ્થા બદલાય એવો સ્વભાવ છે, તેથી તે અપેક્ષાએ 'અનિત્ય' છે. આમ બધા ગુણ નહિ માનતાં એક જ ગુણને માને અથવા બધામાં વસ્તુની સત્તાથી એક બ્રહ્મરૂપ અભેદપણું માને તો તે પણ એકાંતિક મિથ્યા માન્યતા છે.

'માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.' સર્વજ્ઞના ઉપદેશમાં એક પક્ષનું કથન નથી એટલે કે સર્વથા એકાંત શુદ્ધ જ કે અશુદ્ધ અથવા સર્વથા એકાંત નિત્ય કે અનિત્ય ન કહેતાં પ્રયોજનવશ મુખ્ય-ગૌણ કરી એકેક સ્વભાવને યથાર્થ જણાવે છે. આત્મા ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિએ શુદ્ધ છે અને વર્તમાન અવસ્થામાં પરાવલંબનથી વિકાર કરે છે તેથી એક-એક સમયની અવસ્થામાં અશુદ્ધ પણ છે. આમ સ્વાશ્રિત સ્વભાવ તે નિશ્ચય અને પરાશ્રિત ભેદ તે વ્યવહાર એ બન્ને પ્રકાર જાણવા જોઈએ.

'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.' 'હું રાગી-દ્વેષી છું, પુણ્ય કરવા જેવાં છે,

દેહની ક્રિયા કરીએ તો ગુણ થાય' એમ અજ્ઞાનરૂપ વ્યવહારની પક્કડ એટલે કે પરાવલંબનનો મિથ્યા આગ્રહ સંસારી જીવોને અનાદિથી છે. નિર્વિકારી અભેદ જ્ઞાનસ્વભાવનું ભાન કર્યા પછી પણ વર્તમાન અવસ્થામાં શુભભાવરૂપ રાગ દેખાય ખરો, પણ તેને રાખવા જેવો કે આદરવા જેવો સમ્યગ્દષ્ટિ માને નહિ. શુભ-અશુભ વિકારનું ધણીપણું-કર્તાપણું માનવું તેને સર્વજ્ઞ ભગવાને મિથ્યાદર્શન શલ્ય કહ્યું છે.

સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. જેણે દેહાદિ પરવસ્તુની ક્રિયાનો તથા પુણ્ય-પાપ વિકારનો કર્તા આત્માને માન્યો તેની માન્યતા વિકારી છે. તે વિકારનો પોતે (-માનનારો) કર્તા છે અને વિકાર તે કર્તાનું કર્મ (-કાર્ય) છે. જેઓએ અવિકારી નિર્મળ સ્વભાવને શ્રદ્ધામાં કબૂલ્યો નથી તેઓ અનાદિ કાળથી વિકારી કર્તવ્યનો ઉપદેશ આપનારા છે.

જ્ઞાનીનું ઈષ્ટ-કર્મ જ્ઞાનભાવ છે. આત્મા જ્ઞાનનો જ કર્તા છે. તે સદાય પોતાના અરૂપી જ્ઞાનસ્વભાવપણે-જાણનારસ્વરૂપે હોવાથી જ્ઞાન સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. આવા સ્વભાવનું ભાન જેને નથી તે અજ્ઞાનભાવે 'પરનો-દેહાદિની ક્રિયાનો-કર્તા છું' એમ માને છે. 'પુણ્યનો ટેકો જોઈએ' એમ અશુદ્ધ વ્યવહારની પક્કડ કરનારા મિથ્યાદષ્ટિઓને સંસારપક્ષ અનાદિનો ચાલ્યો આવે છે અને અનંત કાળ ચાલવાનો જ તથા તેવો ઉપદેશ દેનારા અને સાંભળનારા પણ ઘણા હોય છે.

બહારથી કંઈક કરવાની વાત, જેમ કે આટલી શારીરિક ક્રિયા કરો, જાપ કરો, દાન કરો તો ધર્મ થશે એવી વાત, જીવોને ઝટ બેસી જાય છે. વળી આ લીધું-મૂક્યું એ નજરે દેખાય છે એમ માને છે અને અનાદિનો તેનો પરિચય છે. તેથી તે બાહ્યની વાતોને અનાદિની જૂઠી માન્યતાના જુના ખાનામાં જીવો ઝટ ગોઠવી દે છે. પણ જ્યાં તેનાથી જુદી-બીજી વાત સાંભળે કે પુણ્યથી-શુભભાવથી ધર્મ ત્રણ કાળમાં ન થાય, પુણ્ય તે વિકાર છે, વિકારથી અવિકારી ધર્મ કદી ન થાય, ત્યાં તો હાય હાય! અમારા વ્યવહારનાં મીંડા વળી જાય છે! એમ તેને થાય છે. પૈસાવાળાને દાનાદિના અભિમાનના અને દેહ ઉપર દષ્ટિવાળાને તેની માનેલી ક્રિયાનાં મીંડા વળે એટલે બધાને ધડાકા લાગે, પણ સત્ય કેમ છુપાવાય?

જ્યાં હોય ત્યાં વ્યવહારના ઝઘડા અને જેનાથી જન્મ-મરણ ટળે એવા તત્ત્વજ્ઞાનનો વિરોધ દેખાય છે. સૌ પોતાના ભાવે સ્વતંત્ર છે. વ્યવહારના ઝઘડા અનાદિથી સંસારપક્ષમાં છે અને અનંત કાળ રહેશે.

શ્રી આનંદઘનજી કહે છે કે :—

'પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.'

પરમાર્થસ્વરૂપ આત્માને અવિરોધપણે સમજનારા અને તેનો ઉપદેશ આપનારા વીરલ જ હોય છે. પરાશ્રયરૂપ વ્યવહારના પક્ષવાળા—દેહની ક્રિયા આપણે કરીએ તો થાય, સમાજમાં આમ સુધારો કરીએ, આમ થવા ન દઈએ, હવે વાતો કરવાનો વખત નથી, કર્યા વિના બેસી રહ્યે કાંઈ ન થાય એમ માનનારા અને કહેનારા—અનાદિથી ઘણા છે કેમ જાણે પર ચીજ પોતાને જ આધીન હોય અને પોતે પરને જ આધારે હોય! પર મારું કાર્ય કરે છે એમ જેણે માન્યું તેણે પોતાને નમાલો માન્યો છે, તેને અનંત સ્વાધીન શક્તિનો વિશ્વાસ નથી, તેથી પરાશ્રયરૂપ વ્યવહાર જોઈએ છે. વ્યવહાર કરવા જેવો છે, શુભભાવરૂપ વિકાર કર્યા વિના અવિકારી ન થવાય એવી ઊંધી માન્યતારૂપ મિથ્યા આગ્રહની પક્કડ જીવને અનાદિની છે અને તેવા ઉપદેશકો દ્વારા એ વાતનું પોષણ મળ્યા કરે છે. જેના વાવેતર કડવાં બી વડે થાય તેના ફળમાં આંબાની મીઠી કેરીની આશા કેમ રાખી શકાય?

'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ'.....સર્વજ્ઞ ભગવાને પણ અશુભથી છૂટી પરમાર્થ વસ્તુ સમજવામાં વચ્ચે આવે તેવા શુભ વ્યવહારનો ઉપદેશ 'શુદ્ધનયનો હસ્તાવલંબન [-સહાયક] જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.' અંતર તત્ત્વની સૂક્ષ્મ વાત સમજે નહિ અને જ્યાં બાહ્યમાં વ્રત-તપ આદિ શુભભાવની પ્રવૃત્તિની વાત આવે ત્યાં 'એ....અમારો વ્યવહાર આવ્યો!' એમ જીવ ઘોડો થઈ જાય છે. બાહ્ય પ્રવૃત્તિ રહિત શ્રદ્ધા અને સ્થિરતા શું? વિકલ્પ વિનાનો—મનના સંબંધ વિનાનો અંદરનો ધર્મ શું? તે કદી સાંભળ્યું નથી તો સમજે તો ક્યાંથી?

ભાઈ! અનંત ભવનાં દુઃખ-દાળદર ટળે એવી સમજણનાં ઉત્તમ ટાણાં આ મનુષ્યભવમાં મળ્યા છે, ફરી ફરી આવો અવસર મળતો નથી. પ્રભુ! તારી કરુણા તને ન આવે! જન્મ-મરણની પરાધીનતાનો અનહદ ત્રાસ! બસ થયું! હવે સંસાર ન જોઈએ. રાગ-દ્વેષ-અજ્ઞાન રહિત સત્ સ્વરૂપ છે તેને જ સમજવું છે, તેમાં જ ઠરવું છે. તે સિવાય બીજું કાંઈ જોઈતું નથી. આવો નિર્ણય કરી, પૂર્વની માન્યતાના આગ્રહની પક્કડ યથાર્થ સમજણ વડે છોડી, નિર્દોષ સત્સમાગમથી સ્વરૂપ સમજવું. પરંતુ તારી તૈયારી વિના—અંદરની ધગશ વિના શું થાય?

ભેદથી સમજવા માટે વ્યવહાર છે પણ પરમાર્થ વીતરાગી નિર્વિકલ્પ જ્ઞાયક સ્વરૂપ છે તેને પકડી તેમાં ઠરવા જેવું છે એવું ધ્યેય પ્રથમથી જ હોવું જોઈએ. પર નિમિત્તના ભેદ રહિત અંતરમાં વસ્તુ પરિપૂર્ણ છે એમ સમજે તો વચ્ચે આવેલો વ્યવહાર (-શુભભાવ) ઉપચારથી નિમિત્તરૂપે હાજર હતો એમ કહેવાય, છતાં શુભરાગ તો સંસાર જ છે. શુભના ફળમાં મોટો દેવ થાય કે રાજા થાય અને અશુભના ફળમાં નરકમાં નારકીપણે થાય; તે બંને સંસારપક્ષે સરખા છે, માટે શુભભાવરૂપ વ્યવહારથી પણ આત્માને ગુણ નથી. આમ જાણ્યા છતાં વ્યવહાર આવશે ખરો, પણ તેનાથી ધર્મ માને તો શ્રદ્ધા ખોટી છે.

પ્રથમ ભૂમિકામાં પણ સાધારણ સજ્જનના સારા આચરણ તો હોય જ; બ્રહ્મચર્યની પ્રીતિ, અનીતિનો ત્યાગ, સત્યનો આદર વગેરે હોય જ પણ તે અપૂર્વ નથી. એવું ચિત્તશુદ્ધિનું કાર્ય તો અનંતવાર કરીને તેમાં જ સર્વસ્વ માની જીવ અટકી ગયો છે. છતાં તેનો (-શુભનો) નિષેધ નથી, કારણ કે જે તીવ્ર ક્રોધ, માન, માયા, લોભમાં ઊભો છે તેને તદ્દન અવિકારી સચ્ચિદાનંદ ભગવાન આત્માની વાત અંદર કેમ બેસે? ન જ બેસે. માટે પ્રથમ મોક્ષમાર્ગની નજીક આવવા માટે, અવિરોધી તત્ત્વ સમજવાની પાત્રતા માટે, શુભભાવરૂપ વ્યવહારના આંગણામાં આવવું જોઈએ. પણ શુભમાં જ અટકી તેની અપેક્ષા રહિત નિર્મળ અવિકારી સ્વભાવની શ્રદ્ધા ન કરે તો, ચિત્તશુદ્ધિના શુભભાવરૂપ વ્યવહારનું—કે જે અનંતવાર જીવ કરી ચૂક્યો છે તેનું ફળ સંસાર જ છે.

નિરાવલંબી તત્ત્વની દૃષ્ટિ થયા પછી, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી, અશુભથી બચવા માટે, શુદ્ધદૃષ્ટિના લક્ષ સહિત, વ્રત-તપ-પૂજા-ભક્તિ-પ્રભાવના વગેરે શુભભાવ સંબંધી પ્રવૃત્તિમાં જ્ઞાની પણ જોડાય છે; પરંતુ તે શુભભાવમાં જ જેઓ ધર્મ માને છે અથવા તેના વડે ગુણ ઊઘડે એવું માને છે તે સંસારમાં રખડે છે.

શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી.' પરના આશ્રયે-ઉપાધિથી થતો વિકાર મારામાં નથી, હું અવિનાશી અખંડ જ્ઞાતા–દૃષ્ટા છું એવા શુદ્ધનયથી શુદ્ધ સ્વભાવની દૃઢતા અનંતકાળમાં જીવે કદી કરી નથી. પર-નિમિત્તના સંબંધ રહિત એકલો સ્વતંત્રપણે પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છું એવી શ્રદ્ધાનું જોર કદી અંતરમાં આવ્યું નથી.

આચાર્ય કહે છે કે પ્રભુ! તારી વાત તને ન સમજાય તે કેમ બને! અંદર પરમાર્થે હિત–અહિતનો નિર્ણય કદી કર્યો નથી 'અને એનો ઉપદેશ પણ વિરલ છે–ક્યાંક ક્યાંક છે.' બહુધા મળતો નથી, ક્યાંક ક્યાંક પરમાર્થનો ઉપદેશ છે. જગતનો મોટો ભાગ બાહ્ય

પ્રવૃત્તિમાં—પુણ્યની શુભ ક્રિયામાં જ—ધર્મ માને છે. 'આ જગ્યાએ પાંચ હજાર રૂપિયા ખરચી નાખો તો ધર્મ થશે, સંઘ કાઢો તો મોટી ધર્મ પ્રભાવના થશે' એમ બહારમાં પૈસાદિથી ધર્મ મનાવી દે છે એટલે કે આત્માને જડનો કર્તા ઠરાવી દે છે. પણ બહારની એકેય ક્રિયા કે કોઈ સંયોગ–વિયોગ આત્માને આધીન નથી, કારણ કે બંને દ્રવ્યો જુદે જુદાં છે. બધા અનંત પુદ્‌ગલ પરમાણુઓ સ્વતંત્ર છે અને આત્મા પણ સ્વતંત્ર છે. તેઓ એક બીજાનું કાંઈ કરી શકે નહિ.

## ❃ ઉપસંહાર ❃

કોઈ કહે : 'આવું માને તો દાન, સેવા, ધર્માદા દવાખાનાં આદિ કાર્યો કોઈ કરશે નહિ.' પણ ક્યાં કોઈ કરી શકે છે? તે તો જે કાળે જેમ થવા યોગ્ય છે તેમ થયા જ કરે છે, તેમાં અજ્ઞાની 'મેં કર્યું' એમ માને છે. તૃષ્ણા (પર ઉપરની મમતા) ઘટાડવાનો શુભભાવ જેવો જ્ઞાનીને થાય છે તેવો અજ્ઞાની કરી શકતો નથી. બાહ્યના સંયોગ પ્રમાણે તૃષ્ણા વધે કે ઘટે એમ નથી પણ પોતાંના ભાવમાં પોતાથી જ તૃષ્ણાનો વધારો કે ઘટાડો થાય છે.

આવી ઝીણી વાત સમજાય નહિ તેથી કોઈ કહે છે કે જો પૈસાથી ધર્મ બતાવી દો તો હમણાં પચીસ હજાર ખરચી નાખીએ; (બાકી પોણો લાખ તો રહેશે!) પણ તેમાં તો પર વસ્તુ મારી છે, મેં બીજાને આપી એમ પરનું ધણીપણું રાખી તું કર્તા થાય છે. જ્યાં સુધી તું પરના કર્તાપણાની માન્યતા નહીં છોડે ત્યાં સુધી અજ્ઞાનભાવ–બંધનભાવ છે. કેટલાક કહે છે કે 'હું આસક્તિ વિના, ફળની ઇચ્છા વિના આ ક્રિયા કરું છું.' પણ તેણે પરનું કરી શકું છું એમ માન્યું છે તે જ પર ઉપરની અનંતી આસક્તિ છે.

જ્ઞાનીને શુભરાગનો પણ આદર નથી, છતાં ઊંચા પ્રકારનો શુભરાગ થાય છે. પરમાણુમાત્ર મારું નથી એવી ભાવના હોય ત્યાં તીવ્ર તૃષ્ણા હોય જ નહિ. ગૃહસ્થદશામાં જ્ઞાની હોય ત્યારે દાન, પૂજા, પ્રભાવના વગેરેમાં સ્વભાવના ભાન સહિત તૃષ્ણા ઘટાડી સ્વભાવનો સંતોષ વધારશે, પણ તેવું અજ્ઞાની કદી કરી શકશે નહિ. અજ્ઞાનીને પરનું ધણીપણું છે, તેથી પાંચ હજાર ખર્ચશે તો 'મેં ખર્ચ્યા' એમ અભિમાનથી ગાણાં ગાયા કરશે. પણ જ્ઞાની તૃષ્ણા ઘટાડે ત્યારે કોઈ તેને કહે કે 'તમે ભારે દાન કર્યું' તો માને કે મને જડનો ધણી બનાવે છે તે ગાળ દીધા જેવું છે. પૈસા મારા હતા જ નહિ, તે તેના કારણે ગયા છે. તે જડની ક્રિયા થઈ તે મેં તો માત્ર જાણ્યું છે.

હું નિર્મમત્વ છું, જ્ઞાતા-દૃષ્ટાપણે જાણનાર સ્વરૂપે છું. તૃષ્ણા રહિત સ્વભાવના લક્ષે તૃષ્ણા ઘટાડી, રાગ ઓછો કરી સમતા કરી તે મારો ભાવ છે. એ રીતે જ્ઞાની કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં ધણીપણું માનતા નથી, પરની ક્રિયાને પોતાનું કર્તવ્ય માનતા નથી. અશુભ ટળતાં શુભભાવ થાય તે પણ મારા ભાવ નથી. એ રીતે ધર્મી તો અવિકારી ધર્મનો જ કર્તા રહે છે, વિકારનો કર્તા કદી થતો નથી.

કેટલાક કહે છે કે આપણે બહુ ઝીણું સમજી ઊંડા ઉતરવાનું શું કામ છે? રાગ-દ્વેષ જ ટાળવા છે ને! તો જેના ઉપર રાગ થતો હોય તે વસ્તુનો ત્યાગ કરો એટલે રાગ પણ ટળી જશે. પણ ભાઈ! રાગ રહિત નિરાવલંબી તત્ત્વના અસ્તિ સ્વભાવને યથાર્થ જાણ્યા વિના 'ત્યાગ કરો, રાગ ટાળો' એમ કહેનાર નાસ્તિથી (સ્વલક્ષ વગર પરલક્ષથી) અને અનિત્ય એવા સંયોગ-આધીન દૃષ્ટિ કરી છે તેથી તેને ખરેખર રાગનો અભાવ નહિ થાય. તે બહુ તો મંદ કષાય કરે તો પુણ્ય બાંધે. તે પર લક્ષે રાગ ઘટાડવા માગે છે એટલે કે બાહ્ય ક્રિયાથી ગુણ માને છે કે આમ કર્યું, આટલો ત્યાગ કર્યો, આટલી પ્રવૃત્તિ કરી માટે આટલા ગુણ થયા. પણ શું તારામાં ગુણ નથી? અંદરમાં પૂર્ણ શક્તિરૂપ અનંત ગુણો ભર્યા છે. તેનો વિશ્વાસ કર તો તે અખંડ ગુણોના જોરે નિર્મળતા પ્રગટશે.

નિરાવલંબી ધ્રુવ એકરૂપ પરમાર્થ જ્ઞાનસ્વરૂપની દૃઢ શ્રદ્ધારૂપ સ્વાશ્રયનો પક્ષ જીવે કદી કર્યો નથી. લોકોને અંતરંગ સૂક્ષ્મ તત્ત્વની રુચિ નથી તેથી બાહ્યની વાતો સાંભળવા ઘણા ભેગા થાય છે પણ તત્ત્વજ્ઞાન સંબંધી વાત સમજતા નથી. 'શુભ કરણી વિના-પુણ્યનો ટેકો લીધા વિના-ધર્મ ન થાય, પુણ્ય તો જોઈએ, સાધનની સગવડતા વગર ધર્મ થાય નહિ' એવી પરાશ્રયની વાતો ઘેર ઘેર સાંભળવા મળે છે; પણ તે બધા લૌકિક વ્યવહારના મીંડા વાળી ગુણ-ગુણીના વિચાર કરતાં મનના સંબંધે શુભ વિકલ્પ થાય તે પણ મારો નહિ એમ વ્યવહારને ગૌણ કરી એકલો અખંડ પરમાર્થ ધ્રુવ સ્વભાવ લક્ષમાં લેવાનો ઉપદેશ બહુ વિરલ છે, ક્યાંક ક્યાંક જ છે. 'તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે-"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે."

અશુભભાવથી બચવા માટે શુભનું અવલંબન બરાબર છે પણ તે શુભભાવ વડે ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં થાય નહિ. અહીં તો માન્યતાને બદલવાનો ઉપદેશ છે. ધર્મ તો આત્માનો અવિકારી સ્વભાવ છે. તે સ્વભાવને ગુરુગમથી જાણી, સાચી સમજણનો અભ્યાસ કરી, ખોટી માન્યતા છોડી, 'હું વિકારનો કર્તા નથી, પુણ્યના શુભ વિકલ્પ મારા સ્વભાવમાં નથી તેમ જ તે મારું કર્તવ્ય પણ નથી' એમ માની તથા નિર્મળ પર્યાયરૂપ

ભેદનું પણ લક્ષ ગૌણ કરી અખંડ જ્ઞાયક ધ્રુવ સ્વભાવને શ્રદ્ધા-લક્ષમાં લેવો તે શુદ્ધનયનો વિષય છે અને તેનું ફળ મોક્ષ છે. શુદ્ધનયનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આ વાત શ્રાવક અને મુનિ થયા પહેલાંની છે.

હું આત્મા તો અખંડ જ્ઞાયક જ છું. હું પરનો સ્વામી કે કર્તા-ભોક્તા નથી, શુભ કે અશુભ—વિકારમાત્ર કરવા જેવા નથી. આવું સ્વભાવનું અપૂર્વ ભાન ગૃહસ્થદશામાં પણ થઈ શકે છે. મોટો રાજા હોય કે સામાન્ય માણસ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, વૃદ્ધ હોય કે આઠ વર્ષનું બાળક હોય તે બધા પોતપોતાના સ્વભાવે સ્વતંત્ર પૂર્ણ પ્રભુ છે, તેથી અંદરમાં સ્વભાવનું ભાન બધા કરી શકે છે.

"એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." એમ આશય જાણવો.' જ્યાં સુધી જીવ વ્યવહારમગ્ન છે, બાહ્ય સાધનથી ધર્મ માને છે અને ક્રિયાકાંડની બાહ્ય પ્રવૃત્તિથી ગુણ માને છે ત્યાં સુધી પરથી જુદો અવિકારી અખંડ જ્ઞાયક આત્મા નિરાવલંબી છે એવું પૂર્ણ શુદ્ધ આત્માના જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.

આ વાતનું ખાસ શ્રવણ–મનન કરવું જોઈએ અને પરમાર્થ નિર્મળ વસ્તુનું નિરંતર બહુમાન થવું જોઈએ. જાતની (-સ્વની) દરકાર, ધગશ, પુરુષાર્થ વિના અપૂર્વ ફળ આવે નહિ.

✻ ભાઈ! તારે પુણ્ય–પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય–પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય–પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય–પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સમકિતમાં બહુ કિંમત ભરવી પડે છે

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. - ૧૩૪)

આ, શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તેમાં ૬૨મુ પદ્ય છે.

'અજ્ઞાનીઓના વિચારમાં રાગ-દ્વેષનું કારણ'

कोऊ मूरख यौं कहै, राग-दोष परिणाम।
पुग्गलकी जोरावरी, वर्ते आतमराम॥६२॥
ज्यों ज्यौं पुग्गल बल करै, धरि धरि कर्मज भेष।
रागदोषकौ परिणमन, त्यौं त्यौं होइ विशेष॥६३॥

અર્થ :–કોઈ કોઈ મૂરખ એમ કહે છે કે આત્મામાં રાગ-દ્વેષભાવ પુદ્‌ગલની જબરદસ્તીથી થાય છે. તેઓ કહે છે કે પુદ્‌ગલ કર્મરૂપ પરિણમનના ઉદયમાં જેમ જેમ જોર કરે છે તેમ તેમ અતિશયપણે રાગ-દ્વેષ પરિણામ થાય છે.

આત્મામાં રાગ-દ્વેષ કરવાની શક્તિ નથી તેથી આત્મા રાગ-દ્વેષ ન કરે એ વાત તો સાચી છે પણ રાગ-દ્વેષ કેમ થાય છે તેની ખબર નથી એટલે કોઈ અજ્ઞાની મૂરખ એમ કલ્પના કરે કે પુદ્‌ગલકર્મની જોરાવરીથી રાગ-દ્વેષ થાય છે. જેવો કર્મનો ઉદય આવે છે એવો વિકાર જીવને કરવો પડે છે. જુઓને! કર્મનો આકરો ઉદય આવવાથી અગિયારમા ગુણસ્થાને ચડેલો જીવ નીચે આવી જાય છે એ બધું કર્મનું જોર છે.... આ વાત જૂઠી છે એમ ઉત્તર આપે છે.

'અજ્ઞાનીઓને સત્યમાર્ગનો ઉપદેશ'

કોઈ એમ માને છે કે સમયસારમાં તો મુનિઓને ઉપદેશ આપ્યો છે પણ જુઓ! અહીં તો કહ્યું છે કે અજ્ઞાનીઓને સત્યમાર્ગનો ઉપદેશ આપીએ છીએ. જે મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે "જીવની પર્યાયમાં જે અશુદ્ધતા થાય છે તે બધી કર્મના જોરના કારણે થાય છે. શાસ્ત્રમાં–ગોમ્મટસારમાં પણ એમ લખ્યું છે કે જ્ઞાનાવરણીકર્મથી જ્ઞાન રોકાય છે" તેનો જવાબ એ છે કે જીવની પર્યાયમાં જે ભાવ થાય છે તે તેના પોતાથી થાય

છે ત્યારે કર્મનું નિમિત્ત હોય છે. જ્ઞાનીને પણ વિકાર પોતાથી થાય છે, પરથી થતાં નથી.

इहविध जो विपरीत पख, गहै सद्दहै कोइ।
सो नर राग विरोधसौं, कबहू भिन्न न होई।।

सुगुरु कहै जगमैं रहै, पुग्गल संग सदीव।
सहज सुद्ध परिणमनकौ, औसर लहै न जीव।।६५।।

तातैं चिद्भावनि विषै, समरथ चेतन राउ।
राग-विरोध मिथ्यातमैं, समकितमैं सिव भाउ।।६६।।

અર્થ :–શ્રીગુરુ કહે છે કે જે કોઈ આ રીતે ઉલટી હઠ પકડીને શ્રદ્ધાન કરે છે તેઓ કદી પણ રાગ-દ્વેષ-મોહથી છૂટી શકતા નથી અને જો જગતમાં જીવનો પુદ્ગલ સાથે હંમેશા સંબંધ રહે, તો તેને શુદ્ધભાવોની પ્રાપ્તિનો કોઈપણ અવસર નથી—અર્થાત્ તે શુદ્ધ થઈ જ નથી શકતો. તેથી ચૈતન્યભાવ ઉપજાવવામાં ચૈતન્યરાજા જ સમર્થ છે. મિથ્યાત્વની દશામાં રાગ-દ્વેષભાવ ઊપજે છે અને સમ્યક્ત્વદશામાં શિવભાવ અર્થાત્ જ્ઞાન-દર્શન-સુખ આદિ ઊપજે છે.

આ રીતે જે એમ માને છે કે વિકાર કર્મના કારણે થાય છે તો એ કદી વિકારથી છૂટી નહિ શકે કેમકે વિકાર કર્મ કરાવતું હોય તો તેને ટાળવાનો અધિકાર પોતાને ન રહ્યો, પોતે પરાધીન થઈ ગયો. પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર થતો હોય તો જ સવળા પુરુષાર્થથી વિકારને ટાળી શકાય છે. શ્રીગુરુ કહે છે કે કર્મ તો જગતમાં હંમેશા છે, જો કર્મ જ જીવને વિકાર કરાવતું હોય તો શુદ્ધ પરિણમનનો અવકાશ કદી થશે જ નહિ, વિકાર રહિત થવાનો અવસર જીવને આવશે જ નહીં. પરંતુ એવું વસ્તુનું સ્વરૂપ નથી. માટે, ચિદ્ભાવ એટલે જ્ઞાન-દર્શનના કાર્ય માટે ચેતન પોતે સમર્થ છે. ચેતન વિકાર કરવામાં પણ સમર્થ છે અને વિકાર નાશ કરવામાં પણ સમર્થ છે. તેથી તો પોતે વિકાર કરીને ચાર ગતિમાં રખડે છે અને વિકાર ટાળીને પરિભ્રમણ મટાડી ચૈતન્યરાજા મોક્ષ પામે છે.

જ્યારે જીવને વિપરીત માન્યતા છે ત્યારે પોતે જ રાગ-દ્વેષ કરે છે અને જ્યારે સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે આત્માની શાંતિ ને આનંદ પણ પોતે જ પ્રગટ કરે છે. આવી સ્પષ્ટ વાત છે.

મૂળ સંસ્કૃત પાઠમાં જ કહ્યું છે કે रागजन्मनि.....उतरन्ति न हि मोहवाहिनी शुद्धबोधविधुरान्धबुद्धयः ।।૨૮।। જો કર્મ જ રાગ-દ્વેષ કરાવતું હોય તો મિથ્યાત્વરૂપી

નદીને પાર કરી શકશે નહિ. કર્મને જ વિકારનું કારણ માનનારા જીવો શુદ્ધ બોધથી વિધુર છે–રાંડેલા છે. તેણે પોતાના સ્વામીને જાણ્યા નથી. ખરેખર આત્મા જ પોતાને ભૂલીને હેરાન થઈ ગયો છે. 'અપનેકો આપ ભૂલકે, હેરાન હો ગયા....' કર્મે આત્માને ભૂલાવ્યો છે એ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

એક ભાઈને વેપારની વસ્તુનો ભાવ એકદમ વધી જતાં લાખો રૂપિયા આવી ગયા. એ ભાઈ કહે કે સાહેબ! જેમ, પૈસા પ્રયત્ન વગર આવી ગયા તેમ ધર્મ પણ થવાનો હશે ત્યારે સ્વયં થશે.....

શ્રોતા :—ક્રમબદ્ધને માનતાં હશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ક્રમબદ્ધને માનવાવાળા એમ ન બોલે, એમ ન માને. ક્રમબદ્ધને માનવાવાળાની દૃષ્ટિ તો સ્વભાવ ઉપર હોય એટલે એ તો પુરુષાર્થથી રાગને નાશ કરી દે છે. ક્રમમાં થવાનું હશે ત્યારે થઈ જશે—એમ એને ન હોય. તેને તો પોતાના જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ રહેવાથી ક્રમે ક્રમે જે ભાવ થાય છે તેનો કર્તા ન થતાં જ્ઞાતા રહે છે. એવી વાત છે.

પર્યાય ઉપર દૃષ્ટિ હોય, કરવાની બુદ્ધિ હોય અને ક્રમબદ્ધનો નિર્ણય થઈ જાય એમ ન બને. કોઈ તો વળી ક્રમબદ્ધ એટલે કર્મબદ્ધ સમજે છે. ભાઈ! 'ક્રમબદ્ધ' એટલે દરેક દ્રવ્યની પરિણામધારા ધ્રુવધારા ક્રમબદ્ધ વહે છે તેનું નામ ક્રમબદ્ધ છે. કર્મબદ્ધ તો જુદી વાત છે. ક્રમ અને કર્મમાં બહુ મોટું અંતર છે.

અહીં તો કહે છે કે समकितमें सिव भाउ । સમ્યક્ત્વદશામાં પોતાથી શિવભાવ અર્થાત્ જ્ઞાન-દર્શન-સુખ આદિ ઊપજે છે અને જેની દૃષ્ટિમાં વિપરીતતા છે કે પુણ્યથી મને લાભ થાય, હું અલ્પજ્ઞ છું, નિમિત્તથી મારામાં વિપરીતતા થાય છે....વગેરે પ્રકારે વિપરીત માનનારાને મિથ્યાદૃષ્ટિને કારણે પોતાથી રાગ-દ્વેષ થાય છે. કર્મ તેને રાગ-દ્વેષ કરાવતું નથી.

સમ્યગ્દૃષ્ટિને પોતાથી જ શુદ્ધતાની ઉત્પત્તિ થાય છે. કેવળજ્ઞાન થતાં જે અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થાય છે તે અનંત ચતુષ્ટય દ્રવ્યમાં તો ત્રિકાળ ભર્યા પડ્યા છે. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય આ અનંત ચતુષ્ટય છે. અભવિ જીવમાં પણ અનંત ચતુષ્ટય છે પણ તેનામાં પ્રગટ કરવાની લાયકાત નથી.

શ્રોતા :—‘લાયકાત’ એટલે શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—લાયકાત એટલે ‘યોગ્યતા’. ભવ્યજીવમાં પોતાના પુરુષાર્થથી અજ્ઞાનને નાશ કરવાની યોગ્યતા હોય છે અને અભવિજીવમાં એ યોગ્યતા હોતી નથી. અભવિજીવ પુણ્યથી જ ધર્મ માને છે પણ જ્ઞાનમય આત્માથી ધર્મ માનતા નથી.

ધર્મીની તો દૃષ્ટિ જ જ્ઞાયકભાવ ઉપર છે તેથી તેને રાગ-દ્વેષ થતાં નથી. ચિદાનંદ ભગવાન આત્મા વિકારથી રહિત છે એવા દૃષ્ટિવંત ધર્મીને શિવભાવ એટલે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે, રાગ-દ્વેષ પ્રગટ થતાં નથી. જેની દૃષ્ટિ ચિદાનંદસ્વભાવ ઉપર નથી અને પુણ્ય-પાપ તથા નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તેને જ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.

‘હવે ૨૯મા કળશમાં દીવાનું દૃષ્ટાંત આપીને જ્ઞાનનું માહાત્મ્ય સમજાવે છે તેનું ૬૭મુ પદ્ય છે.

‘જ્ઞાનનું માહાત્મ્ય’

ज्यौं दीपक रजनी समै, चहुं दिसि करै उदोत।
प्रगटै घटपटरूपमैं घटपटरूप न होत।।६७।।

અર્થ :—જેવી રીતે રાત્રે દીપક ચારે તરફ પ્રકાશ પહોંચાડે છે અને ઘટ-પટાદિ પદાર્થોને પ્રકાશે છે પણ ઘટ-પટરૂપ થઈ જતો નથી.

દીવો ઘટ-પટ આદિને દેખાડે છે કે આ ઘટ છે, આ પટ છે. પરને પ્રકાશવાનો દીપકનો સ્વતઃ સ્વભાવ છે તેથી પ્રકાશે છે પણ પોતે ઘટ-પટરૂપ થતો નથી. આ દૃષ્ટાંત થયું. હવે સિદ્ધાંત—

त्यौं सुग्यान जानै सकल, ज्ञेय वस्तुको मर्म।
ज्ञेयाकृति परिनवै पै तजै न आतम-धर्म।।६८।।

અર્થ :—દીપકની જેમ ‘જ્ઞાન’ સર્વ જ્ઞેય પદાર્થોને જાણે છે અને જ્ઞેયાકાર પરિણમન કરે છે તોપણ પોતાના નિજસ્વભાવને છોડતો નથી.

જ્ઞાન સર્વ વસ્તુને પ્રકાશે છે કે આ શરીર છે, વાણી છે, રાગ છે....પણ ચૈતન્ય શરીરાદિરૂપ થતો નથી. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેથી સ્વ-પર બંનેને પ્રકાશે છે પણ પરરૂપે પોતે થતો નથી. જાણવાના કાળે પરચીજ જ્ઞાનને કહેતી નથી કે તું અમને જાણ! અને ચૈતન્ય પણ પોતાનું સ્થાન છોડીને તેને જાણવા જતો નથી છતાં પોતાના સ્વભાવથી જ બધું જ્ઞાનમાં જણાય છે.

અજ્ઞાનીને ભ્રાંતિ થઈ જાય છે કે હું શરીરરૂપ થઈ ગયો, રાગરૂપ થઈ ગયો....એ ભ્રાંતિ છે. જીવ કોઈરૂપે થઈ જતો નથી.

જ્ઞાન ખરેખર બધાને જાણવા છતાં કોઈરૂપે થતું નથી અને પોતાના જાણવાના ધર્મને (સ્વભાવને) છોડતું નથી. દયા-દાન-વ્રત-ભક્તિના વિકલ્પ આવે તેને જ્ઞાન પ્રકાશે છે પણ તે ભાવરૂપે જ્ઞાન થતું નથી. આહાહા! પોતાનો 'પ્રકાશક' સ્વભાવ હોવાથી પોતાને, રાગને, સંયોગને પ્રકાશે પણ પોતાના જ્ઞાનધર્મને છોડીને રાગરૂપ કે શરીરાદિરૂપ આત્મા કદી થતો નથી.

વાત તો ઘણી સરળ છે પણ લોકોને બધું એકમેક થઈ ગયું છે. શરીર, વાણી, મન ને આત્મા એકપણે ભાસે છે.

ज्ञेयाकृति परिनवै पै, तजे न आतम-धर्म । પરને, રાગરૂપ વ્યવહારને પ્રકાશવા છતાં આત્મા પોતાના પ્રકાશક સ્વભાવને—જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને છોડતો નથી. પરને પ્રકાશવાના કાળે પોતાના સ્વભાવને છોડીને પ્રકાશે છે એમ નથી. ચૈતન્યસ્વભાવ રાગરૂપ થઈ જઈને રાગને પ્રકાશતો નથી. એવા ચૈતયસ્વભાવને જેણે માન્યો છે એવા સમકિતી રાગરૂપ કદી થતાં નથી, રાગને પ્રકાશવાવાળા રહે છે. જ્યારે અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે મેં રાગ કર્યો, મેં દયા પાળી, મેં ભક્તિ કરી....એમ જે રાગનો કર્તા થાય છે તે અજ્ઞાની છે.

'૯૫ની સાલમાં જેઠ સુદ તેરસે વાત થઈ હતી કે પરની દયાની પર્યાય આત્મા કરી શકે! શરીરનો સંયોગ છે તેનો વિયોગ આત્મા કરી શકે! કે સંયોગને રાખી શકે! આત્માનું એ કાર્ય જ નથી. આત્મા તો 'પ્રકાશક' છે તો શરીરના સંયોગને કે વિયોગને પ્રકાશે પણ સંયોગ કે વિયોગને કરે નહીં. અને અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર તો એથી આગળની વાત કરે છે કે પોતાને જે દયાનો શુભરાગ આવ્યો તેને પણ જ્ઞાન પ્રકાશે છે, જ્ઞાન રાગરૂપ થતું નથી. તેથી કહ્યું કે રાગ-દ્વેષ પરમાં નથી. રાગ-દ્વેષ સ્વભાવમાં નથી. રાગ-દ્વેષ મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વભાવમાં છે.

ग्यानधर्म अविचल सदा, गहै विकार न कोइ।
राग विरोध विमोहमय, कबहूं भूलि न होइ॥६१॥

અર્થ :–જ્ઞાનનો જાણવાનો સ્વભાવ સદાકાળ અચળ રહે છે, તેમાં કદી કોઈપણ પ્રકારનો વિકાર થતો નથી અને ન તે કદી ભૂલથી રાગ-દ્વેષ-મોહરૂપ થાય છે.

જ્ઞાનસ્વભાવી વસ્તુનું જેને ભાન થયું છે એવા ધર્મી રાગને પકડતા નથી, રાગરૂપ-વિકારરૂપ થતા નથી.

અરે! સમકિતીને રાગ-દ્વેષ તો થાય છે ને! શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણેય તીર્થંકર ચક્રવર્તી હતા અને કામદેવ પણ હતા અને છ ખંડને સાધવા ગયા હતા તો એવો વિકલ્પ તો હતો ને? ના. એ વિકલ્પના સ્વામી ન હોવાથી વિકલ્પને પરપણે પ્રકાશતા હતા. છ ખંડનું રાજ્ય છે, તેને સાધવાનો ભાવ છે એમ જાણે છે પણ એ મારામાં છે કે હું તેનો કર્તા છું એમ માનતા નથી.

ભરતચક્રવર્તીએ છખંડ સાધ્યા એટલે વૈતાઢ્ય પર્વત ઉપર નામ લખવા ગયા ત્યાં તો પૂર્વે થઈ ગયેલા ચક્રવર્તીના નામોથી ભરેલા એ પર્વતમાં પોતાનું નામ લખવાની જગ્યા ન હતી. ત્યારે ભરત બોલે છે કે "અહો! જેણે છખંડ સાધીને પોતાનું નામ લખ્યું છે તેને હું ભૂસાડીને મારું નામ લખું છું, આ સંસારને ધિક્કાર છે!" આવો ભાવ એ વખતે પણ હતો કેમ કે ભરત છખંડને નહિ પણ 'અખંડને સાધતા હતા.'

શ્રોતા :—એ પર્વત કેવડો હતો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ વૈતાઢ્ય પર્વત પચાસ યોજન પહોળો અને ૨૫ યોજન ઊંચો હોય છે. ત્રણ ખંડ આ બાજુ અને ત્રણ ખંડ પેલી બાજુ એમ છ ખંડ હોય છે. અત્યારે ભલે ન દેખાતું હોય પણ છે ને! દસમી પેઢીના બાપ અત્યારે ન હોય પણ હતા તો ખરા ને! અનંતકાળથી પિતા-પુત્ર—પિતા-પુત્રની પરંપરા ચાલી આવે છે. પિતા ન હોય તો પુત્ર ક્યાંથી હોય? એમ ખ્યાલમાં આવે છે, પ્રતીતિમાં આવે છે, તેમ અનંત જ્ઞાની ભગવંતો થઈ ગયા તેનો ખ્યાલ આવે છે, પ્રતીતિ આવે છે. વૈતાઢ્ય પર્વત આદિ બધું છે તેનો પણ ખ્યાલ આવે છે. બધી વસ્તુ અસ્તિ છે તેની પ્રતીતિ કરે, આત્મા પોતાનું ભાન કરી, વિકાર ટાળી કેવળજ્ઞાન પ્રગટ કરે એવું સ્વરૂપ છે, તેની વર્તમાનમાં પ્રગટ દશા અહીં કોઈને નથી પણ બીજા ક્ષેત્રમાં છે કે નહિ! દેહ સહિત કેવળજ્ઞાની ભગવાન મહાવિદેહમાં છે અને દેહરહિત કેવળજ્ઞાની ભગવાન સિદ્ધાલયમાં છે.

'ણમો અરિહંતાણં' બોલીએ છીએ તો અરિહંત છે, શરીર સહિત છે, અહીં નથી, ગમ્ય નથી છતાં કોઈ ક્ષેત્રમાં ગમ્ય છે. અરિહંત ભગવાન અન્ય ક્ષેત્રમાં બિરાજે છે એમ અનુમાનથી જાણી શકાય છે અને અનુમાન પણ એક પ્રમાણ છે, સાચું જ્ઞાન છે, અનુમાન કાંઈ ગપ્પ નથી. પ્રત્યક્ષ પ્રમાણ જ સાચું અને અનુમાન પ્રમાણ જૂઠું એમ નથી. અનુમાન

પણ સાચું જ્ઞાન છે. જુઓ! આ શરીરમાં વાસો દેખાતો નથી પણ છે કે નહિ! અરીસામાં દેખાય એ તો પ્રતિબિંબ છે પણ વાસો તો છે જ એમ ન્યાયથી નક્કી થાય છે, તેમ ભગવાન કહે છે કે અમારા માર્ગને તું ન્યાયથી સિદ્ધ કર! ભગવાનનો માર્ગ જ્ઞાનથી, લોજિકથી-ન્યાયથી, યુક્તિથી સિદ્ધ થાય છે. પ્રવચનસારમાં ગાથા ૨૩૭મા છે કે ભગવાને કહેલું બધું ન્યાયથી શ્રુતજ્ઞાનની યુક્તિથી સિદ્ધ કરી શકાય છે. મુનિઓ કહે છે કે ભગવાને જે કહ્યું છે શ્રુતજ્ઞાનથી, યુક્તિથી અનુભવમાં આવે છે, ન્યાયથી સિદ્ધ થાય છે, આમ ને આમ માની લેવાની વાત નથી. આચાર્યોએ કાંઈ બાકી રાખ્યું નથી, બધું આપ્યું છે.

આગમબળે તર્કથી, વિચારણાથી, યુક્તિથી ભગવાને જે કહ્યું છે તે સિદ્ધ થઈ શકે છે. ભગવાને કહ્યું છે કે માટે હશે એમ માને તેમાં તો સંશય રહે છે, પ્રતીતિ આવતી નથી. આગમના સ્પષ્ટ તર્કબળે અરિહંત, સિદ્ધ, આચાર્ય અને દ્રવ્ય, ગુણ, પર્યાય બધું સિદ્ધ થઈ શકે છે.

ग्यानधर्म अनिचल सदा.....અહા! જ્ઞાનસ્વભાવ તે જ આત્મા છે, તે સર્વેને જાણે પણ રાગાદિ વિકારને ગ્રહતો નથી. રાગાદિ મારા છે એમ માને તે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞભગવાને વસ્તુસ્થિતિ સિદ્ધ કરી બતાવી છે. વીતરાગમારગ સૂક્ષ્મ છે ભાઈ! અનેક ધર્મોને ભેગા કરીને આ ધર્મ ભગવાને બનાવ્યો નથી. અનેકાંત વસ્તુસ્વભાવ અનાદિનો છે. તેને સમ્યગ્દર્શન થયું ત્યારથી ભગવાન જાણતાં હતા અને અનેકાંત સ્વભાવનો અનુભવ કર્યો હતો. ભગવાન થયા પછી અનેકધર્મોને જાણીને પછી બધાને એક કરીને લોકોને સમજાવ્યો-એમ નથી. જો એમ હોય તો તો ધર્મ બનાવટી થયો. વસ્તુનો સ્વભાવ અનેકાંત છે એમ જાણીને અનેકાંતને પ્રસિદ્ધ કર્યો છે, અનેકાંત સ્વરૂપ અનાદિથી જ છે. તેને ભગવાને બનાવ્યું નથી.

ત્રણ કાળમાં ત્રણ કાળના જાણવાવાળાનો વિરહ કદી હોતો નથી. ભૂતકાળમાં સર્વજ્ઞ હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. ત્રિકાળને જાણવાવાળાની હયાતી ત્રણે કાળ હોય છે પણ લોકોને મનન નથી, વિચાર નથી, વાસ્તવિક વસ્તુસ્થિતિનું જ્ઞાન નથી. અનંતકાળમાં પહેલાં સિદ્ધ ન હતા અને પછી થયા એમ નથી. કોઈ પંડિત કહેતા હતા કે સિદ્ધ કરતા સંસાર આઠ વર્ષ મોટો છે અરે ભગવાન! એમ નથી. સંસાર અનાદિનો છે તેમ સિદ્ધ પણ અનાદિ છે. જો પહેલાં સિદ્ધ ન હોય તો અરિહંત પણ

ન હોય, સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગ પણ ન હોય....એમ નથી ભાઈ! સંસારથી માંડીને સિદ્ધદશા સુધીની આખી ગાડી અનાદિની છે.

આ તો સિદ્ધ થઈ ગયેલો—સાબિત થઈ ગયેલો માર્ગ છે. આત્માનો જ્ઞાનધર્મ સદા અવિચળ છે તે શરીરને તો ન ગ્રહે પણ રાગને પણ ન ગ્રહે તેનું નામ આત્મા છે. ભૂલથી પણ જ્ઞાનસ્વભાવમાં વિકાર આવી જતો નથી. અજ્ઞાનથી એ પોતાને વિકારી માને એ જુદી વાત છે. ભૂલથી પણ આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને છોડતો નથી અને રાગ-દ્વેષ-મોહરૂપે થતો નથી. આ તો રાગ-દ્વેષ-મોહ છે તે શું છે?—કે અજ્ઞાનના કારણે પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ ઊભા થાય છે. વસ્તુમાં રાગ-દ્વેષ-મોહ નથી. ભૂલથી પણ સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહ પ્રવેશી જતા નથી. ભૂલ કરવાનો વસ્તુનો સ્વભાવ જ નથી. પર્યાયમાં ઊંધુ માની લીધું છે પણ જેમ દીપક કોલસાને પ્રકાશવા છતાં કાળો થતો નથી, અગ્નિને પ્રકાશવા છતાં દીપક ગરમ થતો નથી, તેમ જ્ઞાનસ્વભાવ રાગને અને વિકારને પ્રકાશવા છતાં રાગ કે વિકારરૂપ થતો નથી. તેનું નામ જ્ઞાનસ્વભાવ છે.

ऐसी महिमा ग्यानकी, निहचै है घट मांहि।
मूरख मिथ्यादृष्टिसौं, सहज विलोकै नांहि॥७०॥

અર્થ :—નિશ્ચયનયથી આત્મામાં જ્ઞાનનો એવો મહિમા છે પરંતુ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ આત્મસ્વરૂપ તરફ દેખતા પણ નથી. આવા મહિમાવંત જ્ઞાનસ્વભાવની અંતર અનુભવમાં પ્રતીતિ થવી તે સમકિત છે. એ વિના માત્ર માની લેવાથી સમકિત નથી. સમકિતમાં બહુ કિંમત ભરવી પડે છે.

અહા! ભગવાન તારામાં ક્યાં કચાશ છે! તારામાં તો પૂર્ણતા ભરી છે. બનારસીદાસજીએ પદ્ય પણ કેવા બનાવ્યા છે! સાદી સીધી ભાષામાં નિજાત્માની મહિમા બતાવી છે.

આ દેહમાં રહેલ, રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવમાં તારી મહિમા ભરી પડી છે. તેની ખબર વગર રાગ અને વૈભવની મહિમામાં પડ્યો છો તો તું ભિખારી છો. એ શેઠ! આ લાખોના મકાનની માલિકી પોતાની માને છે તે ભિખારી છે, બાદશાહ નથી. જેને પરની ઇચ્છા જ નથી તે બાદશાહ છે. આઠ વર્ષની બાલિકા પણ જો સમકિત પામે છે તો એ બાદશાહ છે. પોતાનું સર્વસ્વ પોતાના આત્મામાં માને છે, રાગને એ ગ્રહતી નથી. જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં હું છું, રાગ તો જ્ઞેય છે.

શ્રોતા :—વાહ રે વાહ પ્રભુ!

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગાદિ જ્ઞેય છે એટલે તે સંબંધીનું પોતામાં પોતાનું જ્ઞાન થાય છે. 'જ્ઞાન' મહિમાનો ભંડાર છે તેની મહિમા આવે નહિ અને પરની અને રાગની મહિમા કરે તે મૂરખ મિથ્યાદૃષ્ટિ છે.

શ્વેતાંબર શાસ્ત્રમાં આવે છે કે ગોરાણી ચંદનબાળા અને તેની શિષ્યા ભગવાનના સમોસરણમાં ગયા હતા. ત્યાં ચંદ્ર અને સૂર્યના વિમાન આવ્યા હતા તેનો પ્રકાશ એટલો હતો કે રાત્રિ થઈ ગઈ તેનો ખ્યાલ શિષ્યાને ન આવ્યો તેથી એ સમોસરણમાં રહ્યા અને ગોરાણી ઉપાશ્રયે જઈને સૂઈ ગયા. પછી ખ્યાલ આવ્યો ત્યારે મૃગાવતી ત્યાં જઈને પોતાની નિંદા-ગર્હા કરે છે તેમાં ક્ષપકશ્રેણી ચડીને કેવળજ્ઞાન થઈ ગયું. ચંદનબાળા સૂતા છે તેના હાથ પાસે સર્પ નીકળ્યો તે અંધારામાં મૃગાવતીને દેખાઈ ગયો એટલે હાથથી ખસેડી લીધો એટલે ગોરાણી જાગી ગયા. શું તમને અંધારામાં સર્પ દેખાયો? તો શું તમને અપ્રતિહત્‌જ્ઞાન થયું છે? મૃગાવતી કહે છે હા મને અપ્રતિહત્ એટલે 'ન પડે તેવું' કેવળજ્ઞાન થયું છે. આ સાંભળી ચંદનબાળા પોતાની નિંદા કરે છે અરે! મને નિદ્રા આવી ગઈ અને મૃગાવતીના જ્ઞાનની ખબર ન રહી, મારાથી અશાતના થઈ....એમ કરે છે ત્યાં તેને કેવળજ્ઞાન થઈ ગયું....આવું એ લોકો માને છે. પેલા એલાચીકુમાર નટને નાચતાં-નાચતાં કેવળજ્ઞાન થઈ ગયું એમ માને છે. અરે! બહુ સસ્તા સોદા કરી નાખ્યા!! સમ્યગ્દર્શનનો માર્ગ કોઈ અપૂર્વ છે. સમ્યગ્દર્શન કોઈ સાધારણ વસ્તુ નથી. ચારિત્રમાં તો તેનાથી પણ અનંતગુણો પુરુષાર્થ છે.

**ऐसी महिमा ज्ञानकी**....પણ મિથ્યાદૃષ્ટિ આવા જ્ઞાનમાં નજર કરતો નથી. જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના જ્ઞાયકભાવની સત્તાનો સ્વીકાર મિથ્યાદૃષ્ટિ કરતો નથી. મારમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની શક્તિ છે. જાણવા-દેખવા સિવાય કોઈ મારું કામ નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ કરતો નથી. જેની પર્યાય પર તરફ ઝૂકી છે તે પર્યાય ક્યાંથી ઊઠે છે? તે ભૂમિ કોણ છો? તે ભૂમિનું દળ કેવું છે? તે તરફ મિથ્યાદૃષ્ટિ નજર જ કરતો નથી અને પર તરફ નજર રાખીને રાગ-દ્વેષ કર્યા કરે છે.

હવે ૭૧મા પદ્યમાં કહેશે કે અજ્ઞાની પરદ્રવ્યમાં જ લીન રહે છે.

(ક્રમશઃ)

*

શ્રીમતી શાંતાબેન માંગીલાલજી જૈન (ઉદયપુરનિવાસી) હાલ-અમદાવાદના સૌજન્યથી
*અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ*

# ૧૨૧મો શ્રી કહાનગુરુ–જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૧મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૧-૫-૨૦૧૦ થી તા. ૧૫-૫-૨૦૧૦ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રીમતી શાંતાબેન માંગીલાલજી જૈન, શ્રી લલિતભાઈ, શ્રી સંદીપભાઈ તથા પરિવારના સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત પરિવાર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૧મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૩૫૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. આ મહોત્સવના આયોજક શ્રી માંગીલાલજી જૈનના વિશેષ આગ્રહથી હિંદીભાષી મુમુક્ષુઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ–ગુર્જરઅનુવાદરૂપ–ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-

રસભીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમ મંદિરમાં શ્રી તીર્થમંડલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયસાર પર અધ્યાત્મ-રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.-આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧૪-૫-૨૦૧૦ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી હ. ગુણવંતરાય તથા ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી-દાદરને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી તથા મધુરભાઈ મહેતા પરિવારને સંપ્રાપ્ત થયું હતું.) આ રથયાત્રામાં "કહાન એક્સપ્રેસ" નામની એક નાની ટ્રેન લાવવામાં આવી હતી તથા રીમોટ કંટ્રોલથી સંચાલિત હેલિકોપ્ટરથી જિનેન્દ્ર ભગવાનના રથ ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. તથા ગોપરાસ કરતી નૃત્યમંડળી આ રથયાત્રાનું વિશેષ આકર્ષણ હતું. આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના પ્રથમ દિવસ રાત્રિ સમયે ખાડિયા મુમુક્ષુમંડળ, અમદાવાદ, બીજા દિવસે નવરંગપુરા મુમુક્ષુમંડળ, અમદાવાદ તથા ત્રીજા અને ચોથી દિવસે મહોત્સવના આયોજક શ્રીમતી શાંતાબેન માંગીલાલજી પરિવારના યુવક-યુવતી તથા બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જે બધાને દર્શનીય તેમજ ખૂબ જ સુંદર લાગ્યા હતા.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમ મંદિરમાં શ્રી તીર્થમંડલ વિધાન પૂજા તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ

કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિના વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. વધાઈ વેળાએ આયોજક પરિવાર દ્વારા સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ આયોજક શ્રીમતી શાંતાબેન માંગીલાલજી જૈન પરિવારને પ્રાપ્ત થયો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન, ગુરુવાણી તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

આ મંગળ અવસર પર "પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત" ગુજરાતીની ઑડિયો વર્ઝન સીડી, જે શ્રી નગીનભાઈ હરગોવિંદદાસ અજમેરા, મલાડના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે તૈયાર કરાવેલ તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ) વિશેષ ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી વિરાટભાઈ વોરા(અમદાવાદ), શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ), શ્રી પ્રમોદભાઈ (ખંડવા) તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ)એ અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેન અને બાળકોમાં બ્ર. કોકિલાબેન ખારાએ શિક્ષણ આપ્યું હતું.

સ્થાયી મંડલ વિધાન પૂજા : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૩૦ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રીમતી શાંતાબેન માંગીલાલજી જૈન પરિવાર તરફથી તથા સ્થાયી જમણ ૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૬,૮૯,૩૧૫=૦૦ની ઉપજ થઈ હતી—

| | |
|---|---|
| ૧. ૧૨૧ના અંકમાં ૧૨૧ × ૧૬૬૭ | ૨,૦૧,૭૦૭=૦૦ |
| ૨ પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૧ × ૬ | ૬,૦૦૬=૦૦ |
| ૩. રથયાત્રામાં બોલી | ૧,૭૭,૧૧૧=૦૦ |
| ૪. રૂા. ૧૦૦૦ની વધાઈ ૧૦૦૦ × ૭ | ૭,૦૦૦=૦૦ |
| ૫. રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૩૪૩ | ૧,૭૧,૫૦૦=૦૦ |
| ૬. જિનેન્દ્ર-આરતીમાં | ૧૦,૭૭૧=૦૦ |
| ૭. રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૧૫,૨૨૦=૦૦ |
| કુલ રૂા. | ૬,૮૯,૩૧૫=૦૦ |

તદુપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રીમતી શાંતાબેન માંગીલાલજી જૈન પરિવાર તરફથી આપવામાં આવ્યો હતો.

# અધ્યાત્મ અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં પ્રતિષ્ઠેય શ્રી બાહુબલી મુનિવરના જિનબિંબનું બેંગલોરથી પ્રસ્થાન તથા સુવર્ણપુરી (સોનગઢ)માં મંગલ આગમન

આપણા જંબૂદ્વીપના ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના પુત્ર તથા પ્રથમ ચક્રવર્તી ભરતના લઘુ ભ્રાતા, વીરાધીવીર, વીરાગ્રણી, આ યુગમાં પ્રથમ મુક્તિ પ્રાપ્ત કરનાર શ્રી બાહુબલી મુનિવરની ૫૭' ફૂટ ઉંચી, વિશ્વની અજાયબી ગણાતી પ્રતિમા, આજથી લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં આચાર્ય ભગવાન શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીના કાળમાં તેઓના શિષ્ય ચામુંડરાય રાજા દ્વારા પ્રતિષ્ઠિત કરાવવામાં આવી હતી.

તે ભવ્ય પ્રતિમાની આબેહૂબ પ્રતિકૃતિ સમાન, ૪૧ ફૂટ ઉંચી, બેંગલોર નજીકની કોયરા ખાણમાંથી પ્રાપ્ત તેવા જ ગ્રેનાઈટ પાષાણમાંથી, બેંગલોરના બિડદી ગામમાં રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક વિજેતા કલાકાર દ્વારા લગભગ દોઢ વર્ષથી કંડારાઈ રહેલ આ ભવ્ય પ્રતિમાનું તા. ૨૩-૫-૨૦૧૦ના રોજ બપોરે લગભગ ૨-૩૦ કલાકે સાતસોથી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ) તરફ મંગળ પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

મંગળ પ્રસ્થાનનો આ કાર્યક્રમ પ્રતિમાના નિર્માણમૂલ્યદાતા શ્રી રસિકભાઈ ડગલી પરિવાર, શ્રીમતી ધીરજબેન બાબુલાલ શાહના પરિવારજનો, ચેન્નાઈથી પધારેલા શ્રી અશ્વિનભાઈ કામદાર, ભરતભાઈ કામદાર તથા સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જિતેન્દ્રભાઈ વી. શાહ વગેરેની ઉપસ્થિતિમાં પૂજન-ભક્તિ સાથે અત્યંત ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજર રહેલા પત્રકારોને શ્રી અશ્વિનભાઈ કામદારે (ચેન્નાઈ) સંબોધિત કર્યા હતા. પ્રસ્થાનની મંગલવિધિ શ્રી પ્રકાશભાઈ જૈને (મલાડ) ઘણી જ ભાવપૂર્ણ શૈલીથી કરાવી હતી. બેંગલોરથી પ્રસ્થાનની સુંદર વ્યવસ્થા શ્રી જિતુભાઈ વી: શાહ, રાજાભાઈ ખંડવા તથા મુંબઈ અને બેંગલોરના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમનું ઈન્ટરનેટ દ્વારા લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

શ્રી બાહુબલી મુનિરાજના આ ભવ્ય જિનબિંબનો હુબલી, પૂના, વાપી, સુરત, વડોદરા વગેરે સ્થળોએ ભવ્ય ભક્તિમય સ્વાગતપૂર્વક વિહાર થયો તથા તા. ૧૦-૬-૨૦૧૦ ગુરુવાર, નિજ વૈશાખ વદ-૧૩ના રોજ સુવર્ણપુરી (સોનગઢ)માં હજારો મુમુક્ષુ ભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય આગમન થયું. તેના સ્વાગત સમારોહ કાર્યક્રમના વિશેષ સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

આ બધો ભવ્ય પ્રતાપ આપણા પરમોપકારી બંને સંતોના ધર્મોપકારનો છે.

અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ.

---

**'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાન્તિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.**

*પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૩૭.*

## શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખર આદિ તીર્થોની તીર્થયાત્રાનું મંગળ આયોજન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અભૂતપૂર્વ પ્રભાવનાયોગથી તા. ૩૦-૧૦-૨૦૧૦ થી ૧૧-૧૧-૨૦૧૦ સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ અંતર્ગત શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ આયોજિત "કહાન એક્સપ્રેસ" નામની સ્પેશ્યલ ટ્રેન દ્વારા બાર દિવસ સુધી શ્રી સમ્મેદશિખર આદિ તીર્થધામોની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુમુક્ષુઓ આ યાત્રામાં જોડાવા ઇચ્છતા હોય તે પોતાની નજીકના સંપર્કસૂત્રોનો સંપર્ક કરી શકે છે.

## વૈરાગ્ય સમાચાર —

વઢવાણનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી મંગળદાસ શીવલાલ સંઘવી (વર્ષ-૯૧) તા. ૧૪-૪-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૧૭ વર્ષની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી થયા હતા; ત્યારથી આટલા વર્ષો સુધી તેઓ નિયમિત સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લેતા હતા. તેમને તત્ત્વની રુચિ તેમજ અભ્યાસ ઘણો હતો.

રાણપુરનિવાસી સ્વ. પ્રેમચંદ મગનલાલ શેઠના પુત્ર શ્રી ત્રંબકભાઈ (વર્ષ-૭૪) તા. ૧૨-૫-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પિતાશ્રી સોનગઢ સ્થાયી રહેલા હોવાથી તેમણે સોનગઢ વારંવાર આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

રાજકોટનિવાસી સ્વ. શ્રી ડૉ. નવરંગભાઈ મોદીના ધર્મપત્ની શારદાબેન (વર્ષ-૯૦) તા. ૧૯-૫-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓનું સ્વાધ્યાયમયી જીવન હતું. સોનગઢ વારંવાર આવીને તેમ જ રાજકોટમાં તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

સોનગઢનિવાસી સ્વ. ભગવાનદાસ ત્રિભોવનદાસ દામાણીના પુત્ર શ્રી કેશવભાઈ તા. ૨૧-૫-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૧૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

અમરેલીનિવાસી (હાલ-રાજકોટ) કલ્પનાબેન ભીખુભાઈ લાખાણી (વર્ષ-૫૪) (–તે સ્વ. પં. શ્રી ચીમનભાઈ તારાચંદ કામદાર-સોનગઢના પુત્રી) તા. ૨૩-૫-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમનું બાળપણ સોનગઢમાં વીત્યું હોવાથી તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાત: ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી સમયસાર કલશ ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**આર્દ્રા નક્ષત્ર :**–તા. ૨૨-૬-૨૦૧૦, મંગળવારના રોજ સવારે ૯-૫૮ વાગ્યે પ્રારંભ થાય છે.

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ થી અષાઢ સુદ ૧૫, રવિવાર તા. ૨૫-૭-૨૦૧૦—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

---

**શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી, વિંછીયા, શ્રી રૂપાળીબેન તથા શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, લંડન હસ્તે પૌત્ર ડો. મીલન (મયંક), પૌત્રી વિમલ, અલીસા તથા શ્રી જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી ભગવાન બાહુબલી મુનિન્દ્રની ભવ્ય પ્રતિમાના સુવર્ણપુરીમાં આગમન મહોત્સવની ખુશાલીમાં જૂન માસના આત્મધર્મ અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**રૂા. ૧૦,૦૦૦/– શ્રીમતી વિદ્યાવતી જૈન, પત્ની શીતલપ્રસાદ જૈન (દિલ્હી)ના સ્મરણાર્થે આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

**રૂા. ૧૦,૦૦૦/– સ્વ. ચંદ્રાબેન હરગોવિંદદાસ દેસાઈના સ્મૃતિદિન નિમિત્તે હ. શીવલાલ હરગોવિંદદાસ દેસાઈ, ભાવનગર તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય નથી એમ કહ્યું ત્યાં પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે, તેથી પર્યાય સર્વથા નથી જ એમ નથી. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સમ્યગ્દૃષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે, તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ! કર્તાકર્મ-અધિકારમાં સમ્યગ્દૃષ્ટિને રાગ થાય છે તેનો કર્તા પુદ્ગલકર્મ છે, આત્મા કર્તા નથી તેમ કહ્યું છે અને પ્રવચનસારમાં જ્ઞાનીને રાગ થાય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે તેમ કહ્યું, છતાં એકાન્ત માને કે જ્ઞાની રાગનો કે દુઃખનો કર્તા કે ભોક્તા નથી તે નયવિવક્ષાને સમજતો નથી. ૫૨૧.

❀ એક દ્રવ્યની અંદર કોઈપણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે એ તો જ્ઞાનની જાણવાની સ્વચ્છતાનું સામર્થ્ય છે, તોપણ જ્ઞાનને અન્ય દ્રવ્યની સાથે સ્પર્શ હોવાની માન્યતાથી જગત આકુલિત થાય છે. જ્ઞાનમાં વીંછીનો ડંખ-કરડ ભાસે ત્યાં વીંછી મને કરડ્યો તેમ માની દુઃખી થાય છે. જ્ઞાન રાગને જાણતા રાગમયપણે પોતાને માની આકુલિત થાય છે. જ્ઞાન રાગને કે અન્ય દ્રવ્યોને અડતું-સ્પર્શતું નથી. જ્ઞાન જ્ઞેયને જાણે એ તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે. ૫૨૨.

❀ બહારના ભગવાનના દર્શનની વાત તો ક્યાંય રહી ગઈ પરંતુ અહીંના (અંદરના) ભગવાનમાં ય પર્યાયના દર્શન-નવતત્ત્વરૂપ ભેદના દર્શન એ પણ હજુ મિથ્યાદૃષ્ટિપણું છે. ૫૨૩.

❀ છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય અને બાહ્ય છે, તેનાથી ભિન્ન આત્મા જ્ઞાયક અવ્યક્ત છે, તે જ્ઞેયના લીધે જ્ઞાયક નથી, પોતાથી જ જ્ઞાયક છે. છતાંયે જરી પણ જ્ઞેય સાથે સંબંધ કરવા જાય તો તે અજીવ ઠરે છે. ૫૨૪.

*

આત્મધર્મ
જૂન-૨૦૧૦
અંક-૧૦ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# 卐 શુદ્ધ ચૈતન્યનો અનુભવ 卐

શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે એટલે કે એકલો પુરુષાર્થ કરું એમ નહીં પણ એની સાથે આત્માના સ્વભાવની—બધી શક્તિઓની પ્રતીતિ આવવી જોઈએ એમ લેવું. અનંતગુણનો પિંડ પ્રભુ એકલા વીર્યથી નહીં પણ તે અનંતગુણની દશાથી પ્રાપ્ત થાય તેવો છે. પંચાધ્યાયીમાં આવે છે કે એકલા પુરુષાર્થ-વીર્ય એક જ ગુણથી આત્મા જણાય એમ નથી. તેમાં અનંત શક્તિ છે તેની વર્તમાન દશા દ્વારા એ જણાય એવો છે. એકલો વીર્યગુણ જ કામ કરે છે એમ નથી. યત્નસાધ્ય નથી તેનો અર્થ આ રીતે ત્યાં કર્યો છે. અનંતગુણનો પિંડ પ્રભુ છે એને એકલી વીર્યની પર્યાયથી ન જાણવો, એને અનંતગુણોની પર્યાયને અંદર વાળીને જાણવો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org